## વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જવા લોન આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશપ/૧૪૦૭/૧૬૩૬/અ
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ- ૩-૧૨-૨૦૦૭

વંચાણે લીધાઃ- (૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૧૨૦૦૦/ન.બા.૧-અ તા.૩/૧૨/૦૧

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:સશપ/૧૫-૨૦૦૫/ન.બા.૬-અ તા.૨૩-૩-૦૭

**સુધારા ઠરાવ :-**

આમુખમાં દર્શાવેલ ઠરાવો અન્વયે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને વિદેશ ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવાની યોજના અમલમાં છે.

૨. આ યોજનામાં કેટલાક સુધારા કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ સંદર્ભમાં કાળજી પૂર્વકની વિચારણા કરીને ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવોથી હાલમાં જે યોજના અમલમાં છે તેમાં **નીચે મુજબ સુધારાઓ કરવાનુ ઠરાવેલ છે.**

(૧) ઉપર ક્રમાંકઃ (૧) માં દર્શાવેલ ઠરાવની જોગવાઈ મુજબ હાલમાં આ યોજનાનો લાભ સામાજીક શૈક્ષણિક પછાત વર્ગોની જાતિના એક કુટુંબના એક સંતાનને મળવાપાત્ર થાય છે. તેમાં સુધારો કરીને હવે **આ યોજનાનો લાભ સંતાન ઉપરાંત પુત્ર વધુને આપી શકાશે. પરંતુ આ યોજનાનો લાભ કુટુંબ દીઠ ફકત એક જ વ્યકિતને મળવા પાત્ર થશે.**

(૨)(અ) હાલમાં ધોરણ-૧૨ પછી ગ્રેજયુએશના અભ્યાસક્રમ માટે લોન આપવામાં આવતી નથી, આ અંગે સરકારશ્રીએ ધોરણ-૧૨માં ૫૦ ટકા કે વધારે ગુણ **મેળવ્યા હોય તેવા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને ધો.૧૨ પછી વિદેશમાં ચાલતા ટેકનીકલ અને પ્રોફેશનલ અભ્યાસ ક્રમો માટે પણ લોન**

→

આપવાનુ ઠરાવેલ છે. આવી અરજીઓ જે તે વર્ષમાં કુલ મંજૂર કરવા પાત્ર લોન અરજીઓની સંખ્યાના ૧૦ ટકાની મર્યાદામાં મંજૂર કરવાની રહેશે.તથા

(૨)(બ) ધોરણ-૧૨ માં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ મેળવ્યા હોય તેવા સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના વિદ્યાર્થીઓને **ડીપ્લોમાં અથવા તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસ ક્રમો માટે વિદેશ જવા લોન આપવામાં આવશે**. પંરંતુ ડીપ્લોમાં અથવા તેની સમકક્ષ તાંત્રિક અભ્યાસ ક્રમ માટે કુલ મંજુર કરવાપાત્ર અરજીઓના ૧૫ ટકા વિદ્યાર્થીઓને લોન આપવાનુ ઠરાવવામાં આવે છે.

(૩) નિયમોની હાલની જોગવાઈ મુજબ વિઝા અને અન્ય સાધનિક કાગળો રજુ કર્યા બાદ લોન મંજુર કરવામાં આવે છે. આ સંદર્ભમાં સરકારશ્રીએ ઠરાવેલ છે કે નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણે અરજદારો ધ્વારા વિઝા સિવાયના અન્ય સાધનિક કાગળો રજુ કર્યેથી લોન મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે. **પરંતુ અરજદાર ધ્વારા વિઝા રજૂ કર્યા બાદ જ લોનની રકમની ચૂકવણી કરવાની રહેશે.**

૩. ઉપર જણાવેલ ફેરફારો સિવાયની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની નાણા વિભાગની તા.૧૬/૧૦/૦૯ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ રાવલ)
સંયુકત સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,
—માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
—માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
—માન.રા.ક.મંત્રીશ્રી (સા.શૈ.પ.વ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
—નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજય, ગાંધીનગર

નં. વિજાક/શિક્ષણ/વિ-અ/૨૦૦૯-૧૦/ ૯૮૦
નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોકનં. ૪/૩
ગુજરાત રાજય, ગાંધીનગર
તા. ૩૦/૧૧/૨૦૦૯

પ્રતિ,
જીલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.)....................................
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (વિ.જા.)..................................
ર/- જાણ અને અમલ સારૂ

સંયુકત નિયામક
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ,